ગુજરાતી ત્રીજી ચોપડીનો અર્થ.

પાઠ. ૧.

સદાચરણ = સારા ચરણ, સારી ચ.
જન=માણસ, સખસ
જગત=દુનીઆ.
જન્મ= દેહ, જીંદગી.
ઓળખાણું.
...ગાની; શરૂઆત.
સહેજ = જરાકમાં, થોડી
મીઠાં=સા.
વાણ=વાણી, વાચા.
કોપ=ગુ
ડાહ્યો=

પાઠ.

આળસુ=સુસ્ત
મુરખ=બેવકુફ,મુરખો
રમતીઆળ=રમતમાં જીવ રાખનારો.
પાલવે=પોષે,પરવડે.
દર=બાકું, કાણું.
પંખી=પક્ષી, પાંખ-વાળા જાનવર.
પરવડે=પાલવે, પોષે
ડાઘીઓ=ડાઘવાળો, (કુતરાનું નામ).
ઓરે=આમ, હીં-આં.
ધણી=શેઠ, માલિક, સખસ.
ચોકી=ચોકસી, પેહેરો.

પાઠ. ૩.

ઝંખવાણો =ઝાંખો, ફિકો.
વિચાર = મનસુબો, ક્યાસ.
નકામાં= કામવગરનાં, નવરા.
જનાવર=જાનવર.
...ચાંછે = મંડ્યાછે, ...ગ્યાંછે.
લગારે = જરાએ, જરાપણ.
નવરાશ=ફુરસદ.
ઢોઠ=મુરખ, અણઘડ.
જીવતર=જીંદગાની, જીવવું.
વલે=હાલ, દશા.
પસ્તાવો= દલગીરી, ખેદ.
લાગલું=તરત, તાકીદથી.
મેહેનત = કોશીશ ; શ્રમ.
ઠીક=સારૂં, બરોબર રીતે.
રાજી=ખુશી.
ફેરવીને=બદલીને.
તાકીદ=ઝડપ; સખત હુકમ.

પાઠ. ૪.

જબરૂં=જોરાવર.
શરીર=ડીલ.
ટુંકા=ન્હાના, બટકા.
જોરાવર=મજબુત.
પછવાડે=પાછલી તરફ
વળેલાં=મરડાયલાં.
ધાર=કોર, કોરણ.
કઠણ=મજબુત.
વાળ=બાલ, નીમાળા
આછા=થોડા.
હીંડેછે=ચાલેછે.
ડાંસ=મચ્છર, મગતરાં
નર=માટીડા.
હળ=જમીન ખેડવાનું લાકડાનું હથીઆર.
પોચી=નરમ.
દાણા=અનાજ.
વગડાઉ=રાની, જંગલી.
પુરી પડે=બર આવે, હઠાવી શકે.

પાઠ. ૫.

ગાળાગાળી = ગાળાબાજી.
સ્વભાવ=ખાશીઅત, મીજાજ.
રાજકુંવર = રાજાનો છોકરો.
ફરીઆદ = અરજ, રાવ.
કચેરી=દરબાર, કોરટ
કુલાણા=હરેક, કોઈએક.
કુંવર=છોકરા.
બંધીખાને= કેદખાને, તુરંગમાં.
દંડ=ગુન્હાનો અનીજ અથવા શિક્ષા.
ઘટે તેવી = જોઈએ તેવી; યોગ્ય.
શિક્ષા = સજા ; શિખામણ.

માફ=ક્ષમા.
સજા=શિક્ષા.
વડાઈ=મોટાઈ, માન
વચન=ખુકન; શબ્દ.
વેળા=વખત, સમે.
અણસમજુ=સમજ વગરનો.
યાદ રાખજે = ફામ રાખજે.
સાર = ઈજત; સારૂં, મતલબ.

પાઠ. ૬.

ભુંડા=ખરાબ, દુષ્ટ.
ભુંડું=નઠારૂં, બુરૂં.
ભાખતા = કેહેતાં, બોલતાં.
ખોટી=નકામી, નઠારી.
જગ=જગત, દુનીયા
જશ=માન, આબરૂ, યશ.
દુખીઆ=હેરાન, દુખીઆરા.
બાળક=છોકરા.
બાળકી=છોકરી.
નકી=ખચીત, નીશ્ચે.
નાર=બઈરી, સ્ત્રી.
તોલ=ભાર, આબરૂ, વજન.

પાઠ ૭.

દેશ = જેમાં મોટા પ્રાંતો, શેહેરો આવેલાં તે.
ચાલ=ધારો, રીવાજ.
રીતભાત=રીત, રસમ
મળતી=સરખી.
પેહેરવેશ = પોશાક, પેહેરવાનાં લુગડાં.
મારવાડી= મારવાડના રેહેવાસી.
દક્ષિણી=દક્ષિણ તરફના રેહેવાસી.
સાહેબ લોક = ટોપીવાળા, ગોરાલોકો
સુરવાલ=સાંકડો લેંઘો (જડાની ઈજાર.)
ચોરણો= ટુંકો લેંઘો.
બોલી=ભાષા.
ફેર=તફાવત, ભેદ.
ભાકર=રોટલી.
ઘાટ=રોળ, આકાર,
હબશી=કાળીચામડીવાળા; કાળાલોકો.
શામળી=કાળી, કાળાશ પડતી.
ગોરી=સફેદ; ઉજળી.

પાઠ ૮.

સાંઘરો=એકઠું, ભેંડોલ
દુકાલ=અછત, નહીં મળે તે.
ચંદી = ચણા, ઘાસદાણો.
રૈયત=પ્રજા.
હેરાન=દુખી.
પ્રધાન= વજીર, કરતો હરતો.
નજર=નીઘા, દ્રષ્ટી.
દુબળાં = મુરડાલ, નાચાર.
સકાળ=સોંઘવારી.
જોર=શકિત, બળ.
કારણ=સબબ.
કોઠાર=દાણા ભરીમુકવાનો ભંડાર.
પોપડો=પડ.
અચરજ=નવાઈ.
ડાહાપણ = ચતુરાઈ, શાણપણું.
ગંજીઓ = મોટા ઢગલા.
ખાણ = અનાજભરીમુકવાના મોટા ઊંડાખાડા.
કણ = રજ, રચકણ, કણી.
સંગ્રહ=એકઠું.
વસે=રેહે.
સંપે = સંપથી, હળીમળીને.
સદા=રોજ, હમેશા.
સર્વ=સઘળા, બધી.
સંઘાત = સાથે, સોબતી.

પાઠ ૯

થડ= ઝાડનો વચલો ગોળ ભાગ.
મૂળ=જડ; મૂળો...
વડવાઈ=લાંબા ફાંટા.
અસલ = આગાઉનું, જુનું.
ઓળખતાં=પીછાનતાં, જાણતાં.
પાંદડાં=પાંતરાં.
ફેલાય છે=પસરે છે
ઘટા=રચના, [illegible]ળાં, ઝાડનું [illegible]
છાંયડે=શીળે.
આરામ=સુખ, નિસાસો, સંતોષ.
ટેટા=વડનાં
કાબર=એક [illegible] નામ.
ઈમારત=મોટી બાં[illegible]ધેલી.

૧૦

તીડો=ઝરા જીવડો,
[illegible]પાંખીઆ[illegible] [illegible]ખવાળો. ચટકો.
ફાટ=ચીરો, તડ.
ટાઢક=ઠંડક.
ઉતાવળે=જલદી, ઝડપથી.
આંકડો=ઝેરી કાંટો.
તરત=જલદી.
દુઃખ=વીપત્તિ, ઈજા.
ઉપાય=ઈલાજ.

ચુંસી=સોસી, મોમાં લઈ.
ચાંદી=ફોલ્લા, ગુમડું
કપાએલું=વડાએલું.
સુજેલું=સુજી આવેલું ચહડી આવેલું;
દરદ=દુખ.
વીખ=ઝેર.
અવગણ=ગેરફાયદો.
સંભાળી=સાચવી, તપાસી.
ફિકર=ચિંતા.

પાઠ ૧૧.

છોડીઓ=છોકરીઓ
વહાલી-પ્યારી.
રોતી=રડતી.
કજીઓ=કકાસ, ટંટો.
સમજાવીને=પટાવીને ફોસલાવીને.
ઢોર=પશુ; જાનવર
મોટપણે=મોટી ઉમરે.
વિલાયત=ગોરા લોકોના દેશ.
ખબરદાર = હોશીઆર.
બાયડીઓ= બઈરીઓ.
ભાઈડા=માટીડા.
સુખી=સારા, સુખીઆરા.
ગાંડી=ઘેલી, અણસમજુ.

પાઠ ૧૨

માળો=પક્ષીને રહેવાનું ઘર.
ફળ=લીલા મેવા.
જુદાં=વેગળાં, છુટાં.
પાળીને=પોશીને.
પાંજરૂં=પીંજરૂં.
મરજી=ખુશી; ઈચ્છા.
અર્થ=માએનો, મર્મ
અવાજ=સાદ, સોર.

પાઠ-૧૩

સુણતા=સાંભળતાં.
ઉપજે=થાય, પેદા થાય.
હરખ=ખુશી, સંતોષ.
અતોલ=ઘણુંજ.
કોટે=ડોકે.
કાંઠલો= ગળચીઓ.
નમાગ્યું=નમેલું.
અંગે=શરીરે.
[illegible]=મનને વિચારે.
[illegible]=બીક, હુકમ
મનુષ્ય=માણસ.
હેત=પ્યાર, ચાહ.
અથાગ=ઘણુંજ.
પ્રીત=હેત, પ્યાર.
કાગ=કાગડો.

પાઠ ૧૪

વાઘરી=શીકારી માણસ, પારધી.
વઢ[illegible] = [illegible]ડાલડી, [illegible].

માન=આબરૂ, ઈજ્જત
મારામારી = લડાઈ, બાઝાબાઝી.
દંગાઈ = લુચ્ચાઈ, ખંધાઈ.
માઠું=ખરાબ, દલગીરીભરેલું.
આવકાર=આદરમાન.
નવાઈ = અચરત, અચંબો.
તપાસ = તજવીજ, ખોળ.
સોબત=સંગત.
નિવડયું=નિકળ્યું.
શિખામણ = બોધ, ઉપદેશ.
ભુલવી=વીસરવી.
અસર=ફળ, ફાયદો, પરિણામ.

પાઠ ૧૫

કણબી = ખેડુતની એક જાત.
ધન=પૈસા; દોલત
ખેતી=ખેતીવાડી.
તન = ચેટક, અરે, મન.
દીકરા=છોકરા.
પુંજી=દોલત.
અંતકાળ= મરવાનો વખત, મૃત્યુસમે.
વિચાર્યું=ધાર્યું.
ડોસે=બુઢે, ઘરડે.
કેડે=પછી.
લાલચ=લોભ.
આપ્યું=અર્પ્યું.
ખેડાઈ=ખોદાઈ, પોચી પડી.
નિપજ=પાક, પેદાશ.
ઉપજ્યો=પેદા થયો.
ખરેખરૂં = જોઈએ તેવું, જોઈએ તેટલું.

પાઠ ૧૬.

પેદા=ઉત્પન્ન.
કર્યાં=કીધાં.
સુંઘવાનું= સુગંધ લેવાનું.
બનાવ્યું=ઘડયું, પેદા કીધું.
ખોટું=જુઠું, ખરાબ.
વાના=ચીજો.
ઈશ્વર = પરમેશ્વર, પ્રભુ.
ભલાં=સારાં, આબરૂદાર.
દિવસે=દાહાડે, (સહવારથી સાંજસુધી)
જાળવે=સાચવે, સંભાળે.
રખવાળી=બાલાસ, સાચવણી.
કીરપાળ=મેહેર[illegible] દયાળ

પાઠ. ૧૭.

બીક=ભય, ધાસ્તી.
અડચણ=હરકત.
ઝપે=સામટા, ઝોકડે.
કસ્બો=ન્હાનું શેહેર.
કોટબંધ=કોટનું બાંધેલું.
હારબંધ=એક પછી એક, જથાબંધ.
ચૌટાં=મોટાં બજાર.
જાણે=કોઈ વખત, કદાચીત.
હાટ=બજાર.
ઝાંપા=કાંટાનું બારણું.
કોટ=આસપાસ ફરતી છોની મોટી દીવાલ.
પેસનીકળ=આવવા જવાને.
દરવાજા=મોટાંબારણાં.

પાઠ. ૧૮.

ઇંદ્રીઓ = શરીરના ભાગો, અવયવો.
આકાર=ઘાટ, આકૃતી.
વાસ=સોડમ, સુગંધ; રહેઠાણ.
લીસી=સાફ, સુંવાળી.
સ્વાદ=ચાખવું, લેહેજત, સારૂં.
સમ પડે=જણાય,
મઝાની=સારી.
ધબાકો=અવાજો.
સમજો = ધ્યાનમાં લેવો, સમજવો.
ટાઢું=ઠંડું.
ઉનું=ગરમ.

પાઠ. ૧૯.

આંગણું = બારણું; બારણાં આગળની જગ્યા.
ચોખ્ખું=સાફ, સ્વચ્છ.
ગંદા=ગોબરા.
ગંદવાડ = ગંદવેડો, ગોબરાઈ.
ગંધ=ખરાબ વાસ.
એઠવાડ=એઠાવાસણ.
માંદા=બીમાર, આજારી.
લાજ=શરમ.
તાવ=તપત, બોખાર, કાગળ.
કોઢાણ=કોઢીવાડો.
જીવજંતુ = જીવડાં, મગતરાં.
નિપજે=પાકે, થાય.
વેગળે=દૂર, આઘે.
બાપડા=બિચારા
ગુણ = ફાયદો, પાડ, આભાર.
છોડ=છોડવો.
[illegible]=જગ્યા.
રળીઆમણું=શોભાયમાન, સારૂં.

પાઠ. ૨૦.

ચોખાઈ = સુઘડાઈ, સ્વચ્છપણું
ચીર=કીમતી લુગડાં; વસ્ત્ર.
મધપુડો=મધમાખનો પુડો.
રૂડો=સારો.
રચે=બનાવે.
માપ=ભરત, પરમાણું. નિયમ.
શુદ્ધ=સાફ, સ્વચ્છ.
ખાપ=આરસી.
ચિત્ત=મન, ધ્યાન.
વાન=દેદાર, કદ.
મજાન=સારા; આબરૂદાર.

પાઠ. ૨૧.

સીમ=ખેતર, હદ.
ભેગા=સાથે, એકઠા.
સુંવાળા=નરમ, પોચા
ખોંખારે છે=સણુસણે છે.
બરાડે છે=આરડે છે.
ખરી=પગનું તળીયું.
નક્કર=સંગીન, મજબુત.
નાળ = લોઢાના પાટા.
મજલ = ખેપ, વાટ, ટપ્પો.
ફલંગો=કુદકા.
બોજો=ભાર.
ચાકરી=બરદાસ, સેવા
માયા = હેત, લાડ, પ્યાર.
નિર્દય=દયા વગરનો, ઘાતકી.

પાઠ ૨૨.

કાતરા=ભેડકા.
ચોખંડા=ચારે બાજુએ સરખા.
કચુકા = ચચોડા, ઠળીઆ.
ચચોડા= આમલીના ઠળીઆ.
ખાટાં=ખટમડો.
જણસ=ચીજ, વસ્તુ
સંગીન=નક્કર.
ચિકાશું=ચિકવાળું.
વટેમાર્ગુ=મુસાફર, સફર કરનાર.
[illegible]=દ્વીપ.
બારેમાસ = આખું વર્ષ.
ખપ=જરૂર, અગત્ય, કામ.

પાઠ ૨૩

દીકરી=છોકરી.
અક્કલ=બુદ્ધિ.
નિત્ય=રોજ, હમેશા
પર=પારકું.
નેક=ટેક; મોટું, સારૂં.
ઠામ=ઠેકાણું, જગ્યા.

નસુ = બે આંગળ, જરાક.
નવ=નહીં.
મોજ=મજા, સુખ, સંતોષ.
ઘણેરી=ઘણી, બહુજ
માહાલે=મોજ કરે.
માતા=મા, માજી.
કેરો=નો, ના, તણું
તાત=બાપ, પીતા.
નામળ=એક મોટા કવિનું નામ.
ગાણું=[illegible]
વિના=વગર.
વિખ્યાત = નામીચું. પ્રસીદ્ધ.

પાઠ ૨૪.

નાઠ્યું=નાસ્યો.
વતન = મોસાળ, બાલાસ. [illegible]
કમાન=અડધો [illegible]
ભમર=ભવાં, આં[illegible] ઉપર કમાનના [illegible] વાળી માળા છે તે.
છાજતી=છાજ, [illegible] પરી, જોગ.
સારેછે = કરેછે, પુરૂં પાડેછે.
પોપચું=આંખનું ઢાંકણ.
ઝીણી=બારીક.
રજ = રજકણ, ધુળ, કણી.

પાંપણ=આંખને વળગેલા બાલ.
ખાળેછે=અટકાવેછે
રતાંમણાં=રાતે આંધળો.
દયા = મેહેર, રેહેમ.
સાજી=સારી.
પાડ = ઉપકાર, આભાર.

પાઠ. ૨૫.

વિના=વગર, તતરાગ
[illegible]=અનાજ.
બળતણ=બળવાનાં લાકડાં, સરપણ.
તૈયાર=કામને લાયક.
કુંભાર=માટીનાં વાસણ બનાવનાર.
લટકતાં=ટીંગાતાં.
કપાસ = રૂના છોડ.
કાંતે=લાંબા તાર કરી સુતર બનાવે.
વણે=લુગડું બનાવે.
કેહેવત=કહેણી, કાહાણી. [illegible]
[illegible]=જાડી રોટલી.

પાઠ. ૨૬.

[illegible]=જમીન.
[illegible]=જથાબંધ
[illegible]=[illegible], ઢોંસે.
[illegible]=[illegible] થાય.

પાઠ ૨૭.

[illegible]

ઠાલ=રમણાં.
વખત=સમે, વેળા.
સરસ=સારો, મજાનો.
સણગાર=શરીર શોભવાનાં લુગડાં, ઘરેણાં.
પરઘેર=પારકે ઘેર.
પેર=પેઠે, રીત.

પાઠ. ૨૮.

દાન=ધર્મ, ખેરાત.
મુદ્દલ=જરાએ.
વાવરતો = ખરચતો. વાપરતો.
સુમ=કંજુસ, બખીલ
નાગજી=નાખુશી.
ગજું=શક્તિ, ગુંજાસ
પરોપકાર = પારકાનું સારૂં કરવું. (પરમારથ કામ).
લખે=રેકાણે, સુમાર્ગે
ગરીબગરબાં=લાચાર, કંગાળ [illegible].
આંતરડી = આત્મા,
આશીષ=આશિર્વાદ. દુવા.
વાવેલું=રોપેલું.
ડાકટ=નકામું, વ્યર્થ.
આપદા=ફિકર, ચિંતા
પુણ્ય=ધર્મ, દાન.

પાઠ. ૨૯.

સામ=સામવટ, સામાઈ.

દેસાઈ = જાગીરદાર, વતનવાળો.
છૈયાં=છોકરાં.
ઉઠ્યાં=નિકળ્યાં.
દાખલા = ઉદાહરણ, દ્રષ્ટાંત
લેખણ=કલમ.
ચપુ=છુરી, ચાકુ.
વખાણ્યો=તારીફ કીધી.
ગમ્યો=પસંદ પડ્યો.
રૂપીઓ=સોળ આનાની કીમતનો રૂપાનો સિક્કો.
કાપ=ચોરો.

પાઠ. ૩૦.

ગભરાયો=અકળાયો, ગભરાયો.
ધીરજ=સબુરી, શાંતિ
ખાળ્યા=ચોડ્યા.
સામો=ઉલટો, સન્મુખ. [illegible]
કહાતીએ=કાળજે, હૃદયે.
ગાંગને=દાળને.
સાચા બોલું = ખરાબોલું.
વાંક=તકસીર, ગુન્હો.
અજાણતા=[illegible]
ઝટ=જલદી, તાકીદ.

પાઠ. ૩૧.

સાહીએ = પામીએ, વેઠીએ.
ગાંકટ=[illegible]

તા-

પરલોક=દેવલોક, પારકા લોક.
દીનરાત=રાતદાહાડો.
શુભ=સારૂં.
ક્રોડ =હજારો, (સોલાખ).
સરે=થાય, બને.
હોડી=મછુવા, બોટ.
સિંધુ=દરીઆ; નદીનું નામ.
રાજ=અમલ, ગાદી.

પાઠ. ૩૨.

ઘેટાં=મેંઢાં.
કામળો=ધુમાળો.
કામળીઓ=કામળ.
ધાબળીઓ=ઊનનું ઓઢવા પાથરવાનું લુગડું.
ઊન=ઘેટાંના બાલ.
ટાઢ=ઠંડ.
બિચારા=બાપડા, ગરીબડા. [નાર.
ભરવાડ=ઘેટાં ચરાવ-
કાતરી=કાપી.
શિવાય=વગેરે.

પાઠ. ૩૩.

લીમડો = લીંબોળીનું ઝાડ.
પોપટીઆ=લીલાં.
ઝરીને=વહીને, ઝરપીને.
યણ=લીલા મેવાનું નામ.

લીંબોળીઓ=લીમડાનાં ફળ, લીંબોડી.
રોગ=વ્યાધી, મરજ.
ઓસડ=દવા, બીમારીનો ઉપાય.

પાઠ. ૩૪.

જાર=જુવાર.
પૈસાદાર=શ્રીમંત, તાલેવન.
કડબ=જાર બાજરીના સુકાએલા સાંઠા.
પુળા=કડબના ભારા.
ડુંડું=કણસલું.
કણસલું=ડુંડું, કસણું.
બાજરીઊં=બાજરીનું કણસલું.
શીંગી=શીંગની કેડી ; જેમાં શીંગ થાય તે.
મસળે=ચોળે.

પાઠ. ૩૫.

ડાંગર=ભાત.
જવ = એક જાતનું અનાજ.
તલસરા=તલની શીંગ જેમાં તલ થાયછે, તે.
શીંગ=ફળી.
કઠોળ = મગ, ચણા, વાલ વગેરે ધાન્ય.
પોપટા=ચણાફળી જેમાં ચણા થાયછે તે.

શેરડી = ગળ્યા રસનો સાંઠો, જેના ગોળ બનેછે તે.

પાઠ. ૩૬.

મેલ=કચરો.
તરસ=સોસ.
મટાડે=ઓલવે, દૂર કરે.
કાંઠે=કીનારે.
પહાડ = મોટા ઊંચા ડુંગર, પર્વત.
કીલ્લા=સરકારી લશ્કરી મુકામ, ગઢ.
નાળાં=ન્હાની નદી, ખાડી, ઝરો.
મરડીઆ=છોડ પકવવાના, સફેદ.

પાઠ. ૩૭.

વન=રાન, જંગલ.
સરખી=બરાબર, સપાટ.
પાળીઆ=ચપુઆ ચાકુ.
હીરા } કીમતી જમાણેક } વાહેર, કીમતી પથરા.
જામફળ = જમરૂખ.
ડુંગર = ઊંચો ટેકરો.
રાન=જંગલ, વન.
અનેક=ઘણાં.
પદાર્થ=ચીજ, વસ્તુ.

પાઠ. ૩૮.

સેવા=ચાકરી, બરદાસ.

ઉછેરતાં=મોટા કરતાં.
પજવતાં=દુઃખ દેતાં, કાયર કરતાં.
જંપીને=સુખે, ઠરીને.
સંસાર=દુનીઆ.
વેદના=દુઃખ, પીડા.
દાઝ=દયા. [કરવું.
માથે ચઢાવવું=કાબુલ

પાઠ. ૩૯.

ડગમગ = ડગમગ, સ્થિર.
ડકનો=ડરતો.
ખાજ=ખાવાનું.
લેશ=જરા.
અવસર=વખત, સમે
વેઠીને = સહીને, ખમીને.
ઉપકાર = પાડ, ગુણ.
અમાપ=ઘણોજ.
ઘડી = ૨૪ મિનિટ.
બરદાસ=ચાકરી, સેવા
ઉમર = જીંદગાની, વય.
દાસ = ચાકર, સેવક.

પાઠ. ૪૦.

બાવળ = બાવળનાં લાકડાંનું ઝાડ.
ચળો=કાંટાવાળી ડાખલી. [ગ.
પરડા=બાવળની શીંગ.
નાઇડી=પઇડાંની વચમાંનું ગોળ ઢુંગરૂં, નાભી.

આરા=પઈડાંની વચ્ચમાંના લાકડાના કકડા.

પુઠીઆ=પઈડાંને ફરતુ લાકડાંનું ગોળ ચક્ર.

તુરારા=ફિકારા.

કુંડ=ચો તરફ છોાથી પાણી બાંધી લાધેલું તે.

ઉતરડી=ઉતારી, ઉખોડી, સારી

આળા=બરબડાં, ડાઘવાળાં.

પાઠ. ૪૧.

ઉપાગલી = ખોટા ખોટા તગગ ઉઠાવનાર, ચ[illegible] આદમી; વા[illegible]

ઘાડંગા = ઘડો, [illegible] ભરવાનુ ઠીકરાનું વાસણ.

મજુર=નોકર [ભંગ

તુરગ=ખોટા નિશાન,

કકડી=મરચાં

સારીપેઠે=બહુજ.

બોહોળાં=ઘણાં.

વેપાર=રોજગાર.

કમાઈશ=રળીશ.

ધુણાવીને=હલાવીને.

ફુટી=ભાંગી.

માલિક=ધણી.

પાઠ. ૪૨.

પાયો=મૂળ ટેકો.

ચણતર = ચણવાનું કામ.

કરા=ભીંત, [illegible]

પછીત = પછવાડેની ભીંત.

હાટડાં=તાકાં.

ભોંયરું= ભોંયતળીયા નીચેની ઓરડી

બી=બીક.

ઓાગરી=ઓટલી.

ઝટપટ=તાકીદથી.

માળીવું = નળીઆં ચઢાવવાં.

મોભ=ઘરનો વચલો આડો થાંભલો; મુખી.

વળીઓ=સાકટીઓ.

[illegible]=દોરડી.

[illegible]=બંદોબસ્ત.

[illegible]= છો દેવડાવી.

પાઠ. ૪૩.

[illegible]=[illegible].

[illegible]=[illegible]ડી.

[illegible]=દીપે, શોભા[illegible]

મણ[illegible]સર, ખામી.

છોડી=[illegible] ,વાડો.

પાટડા=[illegible]ટીઆ.

સાગ=[illegible] લાકડું.

તાકા=[illegible]

[illegible]લાણું=છો દેવડાવવાનું કામ.

[illegible]રસાં= ચોખંડા પથ્થર, ચોડી ઈંટ.

કમાડ=બારણાં.

મજાગરા=મીજાગરા, ચણીઆરાં.

લુહાર=લોઢાનો ઘાટ ઘડનારો.

પાઠ. ૪૪.

છાજે=દીપે, ખીરાજે.

રસોડા=રાંધણી. [તાં

રૂપાળાં=સારાં, શોભિ

ચુનાળાં=ચુનાનાં.

નીર=પાણી, તેજ.

સુડા=પોપટના જેવા પક્ષી.

મેના=મધુર પક્ષી.

સેજ=સેજા, બિછાનું.

ઠીચકો = ઠીંઢાલો, ઝાનો.

ખાટ=ખાટલો, ઢાલીઓ.

ગલીચા=જાજમ, પાથરણું.

બીછાવી=પાથરી.

ભૂપતિ=રાજા, પૃથ્વીપતિ. [સખી.

ચિત્ર = ચિત્રામણ,

પાઠ. ૪૫.

નરસે=ખરાબ.

નરંકારાં = નાકનાં બાકાણાં.

ટેકો=આધાર, મદદ.

ડાગું=જડબુ.

સજડ=મજબુત.

દાઢ=બેવડા દાંત.

ભુકો=ભુગદો.

વાચ્યા=બોલવું,ભાન.

પાઠ. ૪૬.

બીજરું=બીડવું.

છેલાઈ = છુાલકાઈ, તોર.

રીસાળ=તામસી, ક્રોધિષ્ટ.

પછડાઈ=અફળાઈ.

પગરખી=જોડી.

વાંસે=પછાડી.

અડફટ = અફડાટ, આંટી.

અંટવાઈને = આંટી આવીને.

બબોચાણ=બાડો.

પાઠ. ૪૭.

બાડો=વાંકો, ઉભો.

ઘુરકવા=દાંતીઆ કરવા.

બચકું=ડાચું.

અદેખાં = કીનાવાળાં, દ્વેષી.

ખારીલાં=તીખા સ્વભાવના.

કરકરીઆં=બોઠીલાં

બોઠીલાં=બોકીલાં.

અવતરે=જન્મે. ॥-

ગેલ=લાડ.

પાઠ. ૪૮.

વાંકે=ચિહ્ન, કાણાં.
નરીને=એ ખાલી.
આતશ=ઉપદ્રવ, પાંખ ભડકી ઉઠી પરક્ષે.

પાઠ. ૪૯.

કણીઓ=કણીઓ.
સરવર=સાંભળવાનું નામ(અમીણનાં ભી)
સાંબાઓ=રડાઓ.
ફગ્યો=ભાગ્યો.
લાગલાગટ=સામટા; રોજ રોજ.

પાઠ. ૫૦.

વહેળો=ઝરો, નાળું.
તરે=કીનારે, તીરે.
ઝાંપ=જાળ.
ગાંઠો=ડગ.
બાદલો=પાક, અવેજ.
આબરૂ=માન, ઈજ્જત.

પાઠ. ૫૧.

ક્યારડા=ખાડા, ક્યારા.
લીલાછમ = ઘણાંજ લીલા.
પરાળ=ભાતનું ઘાસ.
ફોલાં=ફોતરાં.
ચોખા = ભાતમાંથી ફોલાં કાઢીને જે દાણા નિકળે છે તે.
તરૂ=ભાતના કુમળા છોડ.
ભારે=મોટો, કીમતી, વજનદાર.

પાઠ. ૫૨.

તીનાને=અણીવાળા.
સમજુ=સમજવાળી.
તર=દુરમનાઈ.
તલપ=ડપ્પું.
નીભાવ્યું=ટકાવ્યું.
ટેવ=આદત, આદી-અત.
તુરંગ=ઠીગર ડું.
બિગાડ = નુકસાન, હાણી. [ની.
માંજરી=ભુરા ડોળા-

પાઠ. ૫૩.

બીકણ=બીએ એવો, નરમ.
અજાણ્યું=પારકું, અન્તરાપી.
આડમાં=પાસે, પડખે.
ઉઠાડ્યો=ઉભો કીધો.

પાઠ. ૫૪.

મીઠું=નીમક, ખાર.
દરીઓ=સમુદ્ર, સાગર.
પડ=થર.
દારા=મોહાના મોટા ઢગલા.
અગર=મીઠું પાકવાની જગ્યા.
અગરીઓ=મીઠું પકવનાર.
ક્યારા=ખાડા, ક્યારડા
ઉસરડી = સાંભરી લઈ.

પાઠ ૫૫.

મેડીઓ=માળ.
કોઠીઓ= પાંચગણુ મોખરો.
વિદ્યા=સરસ્વતી, ભણતર. [ખા.
ભણીગણી=લખી વાં-
પ્રમાણે=રીતે.

પાઠ. ૫૬.

પંડિત=વિદ્વાન.
લહીઓ=સારા અક્ષરનો લખનારો; વાકિફગાર.
ગાઉ=કોશ.
પંથ=રસ્તો, ધર્મ.
અભ્યાસ=મહાવરો.
કાયર=દુઃખી, હેરાન.
આળસ=સુસ્તી.
ખર=ગધેડો.
પાણ=પથ્થર.
પ્રસાદ છે=પ્રસાવ છે.
એંધાણ=નિશાની.

પાઠ. ૫૭.

સીરદ) સૌથી નર-
જસત (મ ધાતુઓ
કલાઈ)
નરી= સ્વચ્છ, ભળ્યા વગરની.
કાટ=કીટ.
ઝળકતી = ઝળકતી, તેજ કરતી.
ઝાંખું=તેજ વગરનું, ધીલું.

જંગાલ = ઝાંખા ... કાટ.

પાઠ. ૫૮.

ઠીપીને=ચપડીને.
પતરાં=ધાતુને ટીપીને પાતળી કરેલા તે.
વરખ = સોના રૂપાના ઝીક પાતળાં પાનાં.
ચીકાશ=ચીક.
ગદીઆણા=૧૬ વાલ
આગળે= પીગળી.
આંચ=ઝાળ; કલંક.

પાઠ. ૫૯.

સંપ=એકદીલ, એક મત.
ફાવે=પામે, સોહે.
અચંબો=નવાઈ, અચરત.
છેડી=અડકી.

પાઠ. ૬૦.

ટીખળી = તોફાની, મસ્તીખોર.
અટકચાળાં= વલવલતાં, આડાં, અવળાં કામ.
ભુસકો=કુદકો [ભૂ.
અડપલાં= અટકચા-
વગડો=વન, જંગલ.
ગલોફાં=ડાચાં, ગાલ.
નિરાંતે=ચેનથી.
પીટાળીને=લપેટીને.

પાઠ. ૬૧.

શાહેદી=સાક્ષી.
જણીઆ=બાઈઆ, બઈરાંઆ.
ઈનસાફ = ફૈસલો, ન્યાય.
ફિકાવું=ખેંચવું, ફેંકવું.
અંદેશો=ફાળ, ફિકર.
આઝાદ કરેચા = સોંપી આપ્યા, સ્વાધીન કર્યા.
ગભરૂ=બાઈપણું, બીકણ, એટલે તાકાત હીંમત મુકનાર.
દશા=હાલ,અવસ્થા.
ચડાણ=પાણી, રૂપ.

પાઠ. ૬૨.

પાર = આઠવાડીઆનો દાહાડો,વખત
સરત=સુરત, ધ્યાન.
આઠવાડીઊં = સાત દાહાડા.

પાઠ. ૬૩.

પોહોર=ત્રણ કલાક.
મધરાત=વચલી રાત
પખવાડીઊં = પંદર દાહાડા.
મહીનો=ત્રીસ દિવસ

પાઠ. ૬૪.

વા=પવન.
વાસીને=[illegible] ઈને.
અરકાશે=પસીનો.
વિજાણો=પંખો.
વાગરો=પવન, વા.
થીર=થર, સ્થીર.
લોટા=કળશીઆ.
શીશી=નાની બાટલી

પાઠ. ૬૫.

પ્રવાહી = પાણી જેવી ચીજ.
લેહેરો=હીલોળા, વમળ.
કડાળા=ચકરડાં.
ઉપરા ઉપરી=એક પછી એક.
મુંજ=હલે.
નાદ=અવાજ, સાદ.
જુગતી=તદબીર.
બરડપણ = બુઢાપણ.
જન્મબેહેરા = જન્મથી બેહેરા.
ઈશારત = નિશાની, ચિન્હ.
શક્તિ=શક્તિ.

પાઠ. ૬૬.

[illegible]=[illegible]નું લુગડું.
[illegible]
[illegible], બોળી
[illegible] = ચાળીને
[illegible] કરવાનું કારખાનું.
[illegible]=ચરબડા, અચડા.
એળ=લાહી.
ફટકડી=ફટકી.
ધુંટે=સાફ લીસા કરે.
કાગદી=કાગળ વેચનારો.
તા=તાવ, કાગળ.
ઘા=થાપા, દસ્તો.
સાહેબખાની=જેઆ સાહેબ લોકોને વાપરવા જેવા.

પાઠ. ૬૭.

સુરખાઈ=મેવકફાઈ.
દેશાવર=પરદેશ, પરગામ.
મથાળું=ટોચ.
ઠેઠ=ઠેક.
ફાળ=ધાસ્કો,ફિકર.
ઝળઝળીઆં= આંસુ.
રવેસ્કો=રડેસ્કો.
ઠોઠમોઠ=મુરખ, અણઘડ.
નામું=નામ,દફતર.
અભાગ=વગર ભાણેલો.
લાજ=શરમાઈ.

પાઠ. ૬૮.

નિશાની = ચિન્હ, એંધાણી.
અસાર=નકાઉ.
અક્ષર=હરફ, દસ્કત.
ઉર=દીલ, મન.
અભિમાન=હંકાર.
અપાર=ઘણોજ.
સરદાર = સગદાર,ઉપરી.
વેહેમ=શક.
વડી=મોટી, બડી.
બકતો=લવતો.
રાય=રાજા.

પાઠ. ૬૯.

વૈતરૂં=મેહેનત મજુરી, વેઠ.
હેઠે=હારે,દએ.
આળોટવા = ગોળાંટીઆં ખાવા.
દેખાદેખી=જોઈજોઈને.
અમીર=મોટામાણસ અસરાફ.
દાબડો=ખાડો.

પાઠ. ૭૦.

પુરે=બરાબર,પેટ ભરીને.
ભત્રીજો = ભાઈનો છોકરો.
ડેલામાં=તબેલામાં.
ઓતરે=ઓદે, બાણે.
ભેદ = કારણ,પડદો, તફાવત.
ન્યાલ=ગળબર,પૈસાદાર.

પાઠ. ૭૧.

રેશમ=હીર.
કીડા=જીવડા.
શેતુર = એક જાતનો લીલો મેવો.
તાંતણો=તાર, દોરો.
કોશેટો=દડી.
ખદખદતાં=ઉકળતાં, ઉના ઉના.
પતંગીઉ=એક જાતના જીવડાનું નામ
ભાત ભાતના = તરેહ તરેહના.
હીરાગળ=રેશમી.
મુગટા, અંબોડીઆ, મરાફ, ગજીઆણી, કીનખાબ. } [illegible]

પાઠ. ૭૨.

આખલો = ગોધો, સાંઢ.
માંગેલો=જબરો, ધરાયલો.
નીચ=હલકો.
નબળા=અશક્ત.
પલક=ક્ષણ, પલ.
આંટા=ફેરા, ચક્કર.
તોબા=કાયર.
પોકરાવી=બોલાવી.
અહંકાર=અભિમાન
હલકો=ઉતરતો.નીચો
તુચ્છ=હલકો, નીચ.

પાઠ. ૭૩.

કરોળીઆ=જાળામાં રેહેનારો જીવડો.
જીતીને = ફતેહ મેળવીને.
ફુલાગયો=ગર્વ ભરાયો
હરાવ્યો=હઠાવ્યો, હકાવ્યો.
બરોબરી = સરખાસરખી, હરીફી.
ગર્વ=હુકાર.
જાળામાંથી = ફાંદામાંથી.
નજ=નહીં.
શેર = ૪૦ પૈસાભાર (જબરો)
ફાંફા=ફવતીઆ, પછાડા.
મેહેકી=છાકી.
કેવળ= માત્ર, બીલકુલ.

પાઠ ૭૪

રંજી = ખુશ લાગે એવું.
પટા=લીસોટા, કાપા.
રુવાંટા=ઝીણાં બાલ.
ચંચળ = હોશીઆર, ચપળ.
કોમળ=નાજુક.

પઠ ૭૫.

છિતરપું=ઠગનું.
નાત=જમણવાર વરો
દડીઆ=પડીઆ.
ગંતાડયો=ફૂપાવ્યો.
પાપ=દુષ્ટકર્મ, નઠારૂં કામ.
સુફવાતી=ખસેડાતી.
કરડી=આકરી, સખત.

પઠ ૭૬.

પલ=ક્ષણ.
તરવું=પાણી ઉપર અતરંગ રેહેવું.
ટૈકાટક=માથા સુધી, છલાછલ.
ડુબી=ચુડી.
મંદીર=દેહેરૂં.
જોશી=જ્યોતિષ વિદ્યા જાણનારો.
કોશક=ફોડો, ધાતો.

પાઠ ૭૭.

મોંઘા=ઘણી કીમતી.
મોહોર = પંદર રુપીઆની કીમતનો સોનાનો સિક્કો.
ઉપડે=ઉપાડાય, ઊંચકાય.
વેઠ=વેળાઊં, કરડો.
કેદારો=ઠેઠે ચાલવાની જાગસ.
તાલેવર=પૈસાદાર.
કસબ=જર, કીનખાબ.
પાલવ=છોર, છેડો.
નાઈ=રીત.

પાઠ ૭૮.

ટટાર=સીધા.
નાખુશ=દલગીર, ઉદાસ.
ઉગામે=ઉઠાવે, ઊગકે

પાઠ ૭૯.

વાચા=બોલવું,સમજ
ભાન=બુદ્ધિ, વાગા.

પાઠ ૮૦.

પીઅર=બાપને ઘેર.
મોસાળ=મામાને ઘેર
ઠેસ=ઠોકર.
કાંગળી =ચોળી જેવું બઈરીનું પેહેરવાનું.
રીશ=ગુસ્સો, ક્રોધ.

પાઠ ૮૧.

સંપી=સંપથી, હળીમળીને.
શોક=દલગીરી.
નિંદે=બદબોઈ કરે.
બળવંતા=જોરાવર.
કલેશ=કજીઆ કંકાસ
હળતાં=હળીજતાં.

પાઠ ૮૨.

વરાળ=બાફ, શેવાળ.
તાસક=ઢાકણું.
ટપકાં=ટીપાં.

ઝમીને=બંધાઈને.
ગગન=આકાશ.
કરા=ઠરી ગયલું પાણી
ઠાર=સખત ટાઢ.
ટીપ=ઠીકરાની ગાગર કે ઠોરીઆ વગેરેના તળીઆનો ભાગ.
બરફ = બંધાઈ ગયલું પાણી.
ધુમસ=ધુમસ.
ઝાંકળ=શબની, ઓસ
રૂપ=આકાર, ડોળ.

પાઠ ૮૩.

બગડો=બીક, વાંધો.
સાંધા=કટકા.
પુષ્કળ=ઘણાં.
મધ્યમ=સાધારણ.
ઘેલી=ડાયણી.
ભોળું=સાધુ, એકડું.
જખમ=ઘાયલ થયલી અથવા કરડેલી જગા.
ડામ=ઉનો ચાપડો.

પાઠ ૮૪.

સિંહ = જનાવરોનો રાજા. (વનરાજ)
કાલાવાલા=આજીજી વિનંતિ.
મહારાજ=મોટા રાજા
જીવતદાન = નવો જન્મ.
શિખી=પતરાજી, વડાઈ
સામર્થ=જોર, બળ.

પાઠ ૮૫.

હાજર=તૈયાર.
બજાવશે=કરશે.
ફટકો=માફો.
તગડું=જાડું, પુષ્ટ
પ્રસંગ=વખત, સમે.

પાઠ ૮૬.

શાગ=શોગ.
માણસાહુર = મશોડા રાધા.
માંઠીઓ=સોટીઓ, ફરાંઠી.
ધુમરો = રમવાનું રમકડું.
બળતી=પડી.
અરડીને=વાળીને.
રેસા=દોરા, તાંતણાં, [illegible]=ઠાંઠા, કરચાં, સોટી.
દીવાસળી=દીવા કરવાની સળી.
સુતળી=શણના રેસાની દોરી.

પાઠ ૮૭.

શીઆ[illegible] જેવું જાનવર.
મેદાન=ખુલ્લી જગ્યા.
શીઆળવાં= શીઆળનાં બચ્ચાં.
ચોરીથી= ચુપકીથી, છુપી રીતે.
ભુંગળાં=નળાં.
કુકડા=મરઘા.
વાઢ=શેરડી ઉગવાની જગા, ખેતર, કાપ.
બોળ=બોલ, પોલાણ
બખેર=ગુફા.

પાઠ ૮૮

લોભીઓ=લાલચુ.
તપેલાં=પાતેલાં.
જમણવાર=ન્યાતવરો
ચીઆયાં=જાગ્યાં.
પડપુછ = પુછપરછ, તજવીજ.
લાભ=ફાયદો.

પાઠ ૮૯.

આદમી = માણસ, સખસ.
નાદાન=અણસમજુ
ચુપ=મુંગો.
વસતા=રેહેતા.
ધુતારા = ફોસલાવી ખાનારા.

પાઠ ૯૦.

ભીંડી=શણને મળતી જાત.
વાણ=ભીંડીના રેસા, દોરી.
ટકાઉ=મજબુત, ટકે એવું.

પાઠ ૯૧.

ખુંધ=ઢેકો, ટેકરો.
તરેહવાર = અજબ રીતનું.
રેતાળ=રેતીવાળી.
રણ=રેતીનું મેદાન, લડાઈ.
મુસાફરી=જમીનવાટે સફર.
વાટે=રસ્તે, રીતે.
બાવળીઓ=બાવળના કાંટાનું ઝાડ.
ચરબી=ચીકણી વસ્તુ
પોષણ=ગુજરાન.
સાંઢણી = ઝડપથી ચાલનારું ઊંટ.
સંદેશા = સમાચાર, ખબરપત્ર.

પાઠ ૯૨.

સકરીઆ=સકરકંદ.
બટાટા=આલુબડા.
તળીને=તેલમાં ચડાવીને.
અળવી,
તાંદળજો,
મેથી,
પાલખ.
} ભાજીનાં નામ

દેવતા=અગ્નિ, વન-સ્તેવ.
ચઢે=ખફાય, રંધાય.

પાઠ. ૯૩.

સેકટો.
અગથીઆ.
કેડો.
} ઝાડોનાં નામ છે.

ફોલીને=છોડા કાહાડીને.
લોલવા=દાણા, માચ
કુમળી=નાજુક.
રીંગણાં=વેગણાં.

પાઠ. ૯૪.

પાર=નદીની સામો કીનારો.
માછી=ઢીમર, માછલી પકડનાર.
ખારવા=ટંડેલ, ખલાસી.
હંકારેછે = પાણીમાં ચલાવેછે.
ચાદરો = સલાખા, ખાદીની પીછોડી
સઢ=વાહાણમાં મોટી ચાદરો સીવીને બાંધેછે તે.
હલેસાં=ચાટવા, હેલાં
મછુવો=ન્હાની હોડી
બાગ્યે=મુશકેલાઈથી.

સમાઈ=માઈ.
સીધું=ખાવાનું, ભાથું
સામાન = કામની ચીજો.
તોપ=પોહોળા મ્હોડાની મોટી બારે બંદુક.

પાઠ. ૯૫.

રીંછ=બીયામણું જાનવર.
બીવામણી=ડરામણી વિકાળ.
ગીલાં=પાકલ.
રાની=જંગલી.
મધમાખ=મધ કરનારી માખી.
ભોગ=ક્રમખ્તી.

પાઠ. ૯૬.

રાળીને=રગદોળીને.
ભમતાં=ભટકતાં, ફરતાં.
થાક=મેહેનત, શ્રમ.

પાઠ. ૯૭.

હલકી=સોંઘી, થોડી કીમતી.
મળવટી=મેગ.
કંસારા= ધાતુના વાસણ બનાવનાર.
તાજાં=તરતના.

દીહુડી = કલાઈઓ, છુરા લાવવાનું વાસણ.
કલઈ ઘડા = કલઈના વાસણ ઘડનાર.

પાઠ. ૯૮.

મોળી=ડમોરી.
કાનીલાટું= ચીનાઈ-લોટું.
પોહોરા=હીરાલીકો,
બંદુક=મોટી પીસ્તોલ
ગોળીઓ=સીસાની લખોટીઓ.
છુરા = બંદુકમાં ભરી મારવાની ગોળી.

પાઠ. ૯૯.

રત=મોસમ, ઋતુ.
કુંપળો=ફણગો, અંકોર.
આંબાગાળો = કેરીગાળો; કેરીનો રસ કાહાડીખાવાને સમાં તેડીએ તે.
ટેઠીઓ= ખડખુચાં.
કોયલ=મધુર રાગનું પક્ષી.
ટોકા = મધુર વાણી, બોલવું.
કલોલ = ચેનબાજી, કીકીઆણી.

પાઠ. ૧૦૦.

ઘમઘાર = ચહુડી-આવવું.
વીજળી=વીજ.
ચમકારા=ઝબકારા.
ગર્જના = ગડગડાટ, ગાજવું.
કડાકા=અવાજ.
કાટકા=મોટા જોરથી અવાજ.
તર=તૃપ્ત, ભરપુર.
પુર = ભરતી, રેલ, ભરપુર પાણી.
હેલી=વરસાદ જારી, ઝડી.

પાઠ. ૧૦૧.

કપાસીઆ = કપાસનાં બી.
કાલાં=કપાસનાં જીંડવાં.
ઝીમ=ઠાર, ઠાઠર.
ડગલી=બેવડી અંગરખી.
સગડી=દેવતા લેવાનું કાણાવાળું કાદવનું વાસણ. ચુલો.
તાપણી=ઘાસ બરોડાનું બળતું.
માહામાહા=ઘણું ઘણું
ઠુંઠવાઈ=સીકડાઈ.

તેજાનો=મસાલો.

પાઠ. ૧૦૨.

હાથી = સૌથી મોહું ચોપગું જાનવર.
અટપટી = અઘરી, ગુચવાણભરેલી.
દુશ્મન = વેરી, શત્રુ.
રમકડાં=બાળકોને રમવાની ચીજો.

પાઠ. ૧૦૩.

કુલ=માલક; હોવું.
ગાતર=ગાતર.
કસાણીને = ચોળીને, મસળીને.
પાંગા = ઝીણી રેતી.
ગુંદીને=કેળવીને.
સોઢો=ચ્યકો.
ચોકું = લાકડાંનો ચોરસ સાંચા.
અલગ=ધીમે, અન્તરંગ.
બઠી=દેવતાનો મોટો ચુલો.

પાઠ. ૧૦૪.

કોલ = માટી કે છાણને પલાળીને લોદો કરેલા તે.
વારાફરતી=એક પછી એક.
આધારે=આસરે.

પાઠ. ૧૦૫.

હાળ=ઢળાણ.
ખલાસી=છાપરું સડનારા ખારવા.
સરેડે=ભગીલ.
પકવાસા=લાકડાની ચાપો.
મોતીઆં = લાકડાની પાટલી.
વગ=ડુંગી, ટેકો, જાંગ શાકરો.
વીંગીઆ=જાડા સાંકરા.
કામઠાં = વાંસને ફાડીને બે ભાગ કરેલાં તે.
કરાઈ=લાકડાં વેહેરનારો.
વેહેરવું= કરવત વતે ચીરવું, વેહેરી કાઢવું.

પાઠ. ૧૦૬.

[illegible]=[illegible]રાજ
[illegible]=[illegible]થીઆર.
[illegible]=બાપડા.
[illegible]= ખરૂં લોઢું.
[illegible]લુહાર ઘડેછે તે જગ્યા, લુહારની [illegible]ડી.
ધમણ=હવા સા[illegible] ચામ[illegible].

એરણ = જેના ઉપર લુહાર ઘડેછે તે લોઢું.

પાઠ. ૧૦૭.

ચોતરફ=ચારેબાજુએ.
નિરાગ = નાખુશ, શોકાતુર.
સાંકો=ઠાનો.
માર્ગ=રસ્તો.
વસમો=અઘરો કઠણ.
સાંસા=તંગી.
અડાઅડ=પાસેપાસે.
ગરબડી = ગબડી, ઢળી.
નિકાલ=ઉપાય.

પાઠ. ૧૦૮.

તમામો=મેલ, મળ, મેળો.
વાંકો=મરડ્યો.
સંકડાઈ=સંકોચાઈ.
ચતુરાઈ=ડાહાપણ.
હઠ=મમત, જીદ.

પાઠ. ૧૦૯.

ઉંડવા=ડીંડવા.
ચરખો=રૂ ને કપાસીઆ જુદા પાડવાનો રેંટીઓ.
પીંજ=સાફ કરી.

રેંટીઓ=રેંટ.
સુતરાઉ=સુતરનું બનેલું.
ખાદી = જાડી, ઘણું જાડું લુગડું.
જાત=કમાસ.
મલમલ,
ખાસો,
સાદરપાટ,
જગનનાથી, } [illegible]

પાઠ. ૧૧૦.

સુરજ=સૂર્ય.
આથમે=અસ્ત પામે
લાલાસ=રતાશ.
પાલો = વનસ્પતિ, પાંદડાં.
ગરમી=તાપ.
બિંબ=કીરણ.

પાઠ. ૧૧૧.

ચંદ્રમા=ચાંદ, ચાંદો.
પૃથ્વી=દુનીઆ, અ[illegible]નું નામ.
પુનેમ= પંદરમી તિથી.
અલાયો=વાંકા કાંસા, ( )]
દરપણ=આરસી.
ચક્ર=ગોળ કકડો.
અમાસ= મહીનાનો છેલ્લો દાહાડો.

પાઠ. ૧૧૨.

કલાક = ૬૦ મિનિટ.
મિનિટ = ૬૦ સેકંડ
ઘડીઆળ = વખત જોવાનું યંત્ર.
અંગ્રેજી = અંગ્રેજી ભાષા, અંગ્રેજ લોકની બોલી.
અવર=કલાક.

પાઠ. ૧૧૩.

આભલાં=વાદળાં.
સેંકડો=સો. કરોડો.
ગ્રહ = સ્થીર તેજના તારા.
જ્વલંત=તિક્ષણ, મોટો દેખાતો, ચાલાક.
અજાણી=વગર શિખેલા, ભોળા.
નવુંજુનું = ફેરફાર; આફત.
શક્તિ=બળ, જોર.

પાઠ. ૧૧૪.

વાદળાં=વરાળરૂપે ઉડી ગયલા પાણીના બનેલાં તે.

પાઠ. ૧૧૫.

મેઘ=વરસાદ.
કૃપા=મેહેરબાની.

પાઠ. ૧૧૬.

વ્યાપક=પ્રસારક, ફેલાયલો.
આસપાસ = આસપાસે, ચોમેર.
આકાશ=આસમાન, ગગન.
અંતર=તફાવત, ફેર, ફોલ, ભીતર.
આભાસ=થોડો ઉજાસ, ઝાંખુ દેખાય છે તે.
ચાસ=ખેતરમાં જમીન ખેડીને ઉંચ કરીને લીટા પાડેલ તે
વિશ્વપતિ=જગતનો ધણી.
ઘડીઓ=બનાવીઓ, રચીઓ.
ખોળીઓ=શોધીઓ
કણી=રજકણ, રજ.
જગકર્ત્તા = જગતનો બનાવનાર ઇશ્વર
ઠાલું=ખાલી, અમસ્તું

પાઠ. ૧૧૭

અણસમજુ= સમજ વગરનો.
શ્વાસ=દમ, સાસ.
નાડી=નાડ.
મુડદું=જીવ વગરનું ખોળીયું.
જીવ=પ્રાણ, આત્મા.
ખાતરી = ખાતરજમા, નીરાંત.

પાઠ. ૧૧૮.

શિખામણ = બોધ, ઉપદેશ.
શિખ = શિખામણ, ફાયદાની વાત.
ભાવ=હોંસ, ઇચ્છા.
કુડી=ખરાબ, માઠી.
ઠગારો=ઠગબાજ.
ઢોંગ=ઢાંગ, ધતંગ.
છળ=દગો, કપટથી.
કળ=કળાથી, તદબીર
દુષ્પાવ=જોતાડે.
આળ=તોહોમત.
પળી=સફેતી, ધોળાપણ.
ગાળ=ફજીતી, કલંક

પાઠ. ૧૧૯.

રસળવું=રઝળવું, ભટકવું.
દળણાં=લોટ દળવાનું મજુરીનું કામ.
વિલા=આપદા, તંગી
કાપડીઆ=કાપડ વેચનારો, ડોસીવાળીઆ.
બગુ=ડબકો, ચોડો
પગાર=મુસારો, દરમાયો.
ગાણોતરી=ગુમાસ્તો
ઉઘરાણી=લેહેણા રૂપીઆની માગણી. લેહેણું.
માલ=સોદો.
વાયદો=ઠરાવ, મુદ્દત
પંડયા = માહારાજ, ભટ.
પીતાંબર=રેશમી લુગડું.
જાન=ગામને જવાના લગનનો વરઘોડો.

પાઠ ૧૨૦.

આરસ= એક જાતનો સફેદ પાણીદાર પત્થર થાયછે.
સુંદર = સારાં, શોભીતાં.
સાંધા=સનાં.
દર=દર, એકેક.
મગન=ખુશી, આણંદ
લિખ્યું = ગનકારય, માન્યું. [શ.
મદારી=ખેલ કરનાર.
રમત=ખેલ, તમાસો, રમુજ.

પાઠ ૧૨૧.

ભીડાભીડ = ખીચાખીચ.

વાસેલું=દાબેલું.
ઉદાસ=દલગીર.
ચીલ = ઝાંખે, ઝંખવાણે.
રજા=છૂટી, બરતરફી
ઠપકો=દોષ.
ગ્રહસ્થ=મોટું આબરૂદાર માણસ.

પાઠ ૧૨૨.

બાળબોધ=બ્રાહ્મણી.
ગુજરાતી=ગુજરાતની બોલી; (ગુજરાતી ભાષા.)
લિપિ=ભાષા, બોલી
ધર્મપુસ્તક = ધર્મની ચોપડી.

સલંગ=આખી.
અનુસ્વાર=મીંડું, બિંદુ
મૂળાક્ષર=પહેલા શરૂઆતના ધારણના હરફો.
જોડાક્ષર = જોડેલા હરફો.
ધોરણ=રીત, રસ્તો.

પાઠ ૧૨૪.

મદદ=સાહાય, આસરો.
વિશ્વાસ=ભરોંસો.

પાઠ ૧૨૫.

મુશ્કેલ=અઘરું, મુશ્કીબત.

જોખવું=તોળવું.

પાઠ. ૧૨૬.

ચતુર=ડાહ્યો, હોશીઆર.
ઝવેરી = ઝવેરાતનો વેપારી.
ઝવેરખાનું=ઝવેરાત

પાઠ. ૧૨૭.

ધનવાન=દોલતવાળો
કુલ=ઢંગ, ધુરપત.
ફોસલાવી=સમજાવી, ધુરપત કરી.
કબીર=માંદું.

પાઠ ૧૨૮.

ભાડ્યો=દીઠો. ભ્રિ.
પાંખાળો = પાંખવાળો.
ભોળું = નીખાલસ, નિષ્કપટી.
ખળ = કપટી, કમજાત.
ભલમનસાઈ = સલુખાઈ, દાનાવપણું.
લક્ષણ=ગુણ, ટેવ.

પાઠ. ૧૨૯.

આંકડા = અંકો, નંબરો.

હિસાબનાં કોષ્ટકો.

(૧) હિંદુસ્તાની ચલણીનું કોષ્ટક.
૨૦ બદામ = ૧ પઈ.
૧૨ પઈ=૧ આનો.
૧૬ આના=૧ રૂપીઓ
૧૫ રૂપીઆ=૧ મોહોર

(૨) સોનાના તોલનું કોષ્ટક.
૬ ચોખા=૧ રતી.
૪ જવ=૧ રતી.
૩ રતી=૧ વાલ.
૧૬ વાલ=૧ ગદીઆણો
૨ ગદીઆણા = ૧ તોલો.
૧૨ માસા=૧ તોલો.

(૩) જોખવાનું કોષ્ટક.
૨॥ પૈસાભાર=૧ અધોળ.
૨ અધોળ = ૧ નવટાંક.
૨ નવટાંક= ૧ પાસેર
૨ પાસેર=૧ અચ્છેર
૨ અચ્છેર=૧ સેર.
૪૦ સેર=૧ મણ.
૪૮ સેર=૧ ધડી.
૨૦ ધડી=૧ ભાર.

(૪) તોલનું કોષ્ટક
૧ ગાંસડીના ૫ મણ
૧ કોથળાના ૫ મણ
૧ હારાના ૭ મણ.
૧ માણીના ૧૨ મણ
૧ કળસીના ૧૬ મણ
૧ ખાંડીના ૨૦ મણ
૧ ભારના ૨૪ મણ
૧ ગાલ્લીના ૩૦ મણ
૧ બેડીઆના ૩૨ મણ
૧ મુડાના ૪૦ કે ૧૦૦ મણ.

(૫) વખતનું કોષ્ટક.

૬૦ વીપલ=૧ પલ.
૬૦ પલ=૧ ઘડી.
૨ાા ઘડી=૧ કલાક.
૩ કલાક=૧ પોહોર.
૮ પોહોર=૧ દિવસ.
૩૦ દિવસ=૧ માસ.
૧૨ મહીના=૧ વર્ષ.
૫૨ અઠવાડીઆનું એક વર્ષ.

(૬) અંગરેજી વખતનું કોષ્ટક.

૬૦ સેકંડ=૧ મિનિટ
૬૦ મિનિટ=૧કલાક
૨૪ કલાક=૧ દાહાડો
૭ દાહાડા=૧ અઠવાડીઊં.
૨ અઠવાડીઆં = ૧ પખવાડીઊં.
૨ પખવાડીઆં = ૧ માસ.
૧૨ માસ=૧ વર્ષ.
૩૬૫ દિવસનું ૧ વર્ષ

(૭) અંગરેજી રીતે અંતર ભરવાનું કોષ્ટક.

૩ જવ=૧ ઈંચ.
૧૨ ઈંચ=૧ ફુટ.
૩ ફુટ=૧ વાર.
૫ાા વાર=૧ પોલ.
૪૦ પોલ=૧ ફરલાંગ
૮ ફરલાંગ=૧ માઈલ
૫૨૮૦ ફુટ=૧ માઈલ
૩ માઈલ=૧ લીગ.

(૮) અંગરેજી જમીન લાંબી માપવાનું કોષ્ટક.

૮ જવ=૧ આંગળ.
૨૪ આંગળ=૧ હાથ
૪ હાથ=૧ દંડ.
૨૦૦૦ દંડ=૧ ગાઉ.
૨ ગાઉ=૧ ગવ્યુતી.
૨ ગવ્યુતી=૧ જોજન

(૯) અંગરેજી ચોરસ જમીન માપવાનું કોષ્ટક.

૧૪૪ ચોરસ ઈંચ = ૧ ચોરસ ફુટ.
૯ ચોરસ ફુટ = ૧ ચોરસ વાર.
૩૦ાા ચોરસ વાર= ૧ ચોરસ પોલ.
૪૦ ચોરસ પોલ = ૧ રૂડ.
૪ રૂડ=૧ એકર.
૬૪૦ ચોરસ એકર =૧ ચોરસમાઈલ

(૧૦) ખેડુતની જમીન માપવાનું કોષ્ટક.

૪ આંગળ=૧ મુઠી.
૩૫ મુઠી = ૧ કાંઠી, (વીસવાસી.)
૨૦વીસવાસી=૧વસો
૨૦વસા=૧વીઘું.

(૧૨)લુગડાં ભરવાનું કોષ્ટક.

૨ આંગળ = ૧ તસુ.
૧૨ તસુ = ૧ હાથ.
૨ હાથ = ૧ ગજ.
૧ા ગજ = ૧ વાર.

(૧૨)નક્કર પદાર્થો માપવાનુંકોષ્ટક

૧૭૨૮ ઘનઈંચ = ૧ ઘનફુટ.
૨૭ ઘનફુટ=૧ઘનવાર
૧૬૬ ઘનવાર = ૧ ઘનપોલ.

(૧૩)મોતીના હીસાબનું કોષ્ટક.

૧૬ બદામ= ૧દોકડો
૧૦૦ દોકડા = ૧ ચવ
૧૩ાા ચવ = ૧ રતી.
૨૪ રતી = ૧ ટાંક.

(૧૪)માઠાના જોખનું કોષ્ટક.

૧૦ાા અધવાળી = ૧ ફરો.
૧૦૦ ફરા = ૧ આનો
૧૬ આના = ૧ રાશ

(૧૫) અંગ્રેજી સોનીઆના તોલનું કોષ્ટક.

૨૪ ગ્રેન=૧પેનીવેટ.
૨૦ પેનીવેટ=૧ઔંસ
૧૨ ઔંસ=૧પાઉન્ડ.

(૧૬)અંગ્રેજી વેપારીના તોલનું કોષ્ટક.

૧૬ ડ્રામ = ૧ ઔંસ.
૧૬ ઔંસ=૧ પાઉન્ડ
૨૮ પાઉન્ડ=૧ક્વાટર
૪ ક્વાટર=૧હંડરવેટ.
૨૦ હંડરવેટ = ૧ ટન

(૧૭)અંગ્રેજી ગણતીનું કોષ્ટક.

૪ ફાર્ધીંગ = ૧ પેની
૧૨ પેન્સ=૧શીલીંગ.
૨૦ શીલીંગ=૧પાઉન્ડ
૨૧ શીલીંગ=૧ગીની

(૧૮)અંગ્રેજી નાણાંની ગુજરાતી કીમત.

૧ ફારધીંગની=૨પઈ
૧ પેન્સની = ૮ પઈ.
૧ શીલીગનો=ાારૂ૦
૧ પાઉન્ડના=૧૦ રૂ૦
૧ગીનીના=૧૦ાા રૂ૦
૧ પેનીના = ૩૨ રૂ૦